## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ તમે વહીવટમાં પારદર્શીતા અને સ્વચ્છતા લાવવા જુના રીઢા કારકુનની જગ્યાએ નવા લાવો છો પરંતુ, જુના કારકુન નવાને શીખવી જાય છે...!!**

# હવે સરકારી હોસ્પિટલમાં દર્દી અને સગાઓને સરળતાથી ઉપલબ્ધ બનશે સેવા-સુવિધાઓની માહિતી

### "હોસ્પિટલ અને પેશન્ટ કેર ઇમ્પ્રુવમેન્ટ મિશન" (HPCIM)હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી પાયલટ પ્રોજેક્ટનો શુભારંભ

ગાંધીનગર, તા. ૦૪

આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલ દ્વારા હોસ્પિટલ અને પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન હેઠળ(ૐૐૐ)ના પાયલટ પ્રોજેક્ટનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી શુભારંભ કરાવવામાં આવ્યું હતુ.

આ મિશન હેઠળ આરોગ્યમંત્રીશ્રીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દી અને સગાઓ માટે નવનિર્મિત બે હેલ્પ ડેસ્ક અને ઝજીઇ હેઠળ મળેલ ત્રણ ગોલ્ફ કારનો શુભારંભ કરીને દર્દીઓની સેવામાં સમર્પિત કરી હતી. દર્દી – કેન્દ્રીત આરોગ્ય સારવાર અને સંભાળની સાથે હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવા-સુવિધાઓની ઉપલબ્ધતા હોસ્પિટલમા આવતા દર્દી અને તેમના સગાઓને આ હેલ્પ ડેસ્ક અંતર્ગત ૨૪૭ સરળતા થી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટર અને ઓ.પી.ડી. સેન્ટરમાં રાઉન્ડ ધ ક્લોક આ હેલ્પ ડેસ્ક કાર્યરત કરવામાં આવ્યા છે. દર્દી અને તેમના સગાઓની હોસ્પિટલમાં અવર-જવર માટે ગોલ્ફ કારનો પણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે શુભારંભ કરાવવામાં આવ્યો હતો.







આ ત્રણેય ગોલ્ફકાર એક સેવાભાવી સંસ્થા દ્વારા સી.એસ.આર. અંતર્ગત હોસ્પિટલમાં દર્દીઓના સેવાર્થે આપવામાં આવી છે.

મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આ ત્રણેય સેવાઓને ખુલ્લી મુકતા જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં ઉપલબ્ધ સેવા અને સુવિધાઓની સરળ ઉપલબ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

હોસ્પિટલમાં આવતા દર્દી અને તેમના સગાઓને હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ, સુવિધાઓ અને મહત્વની તમામ માહિતી સરળતા અને સત્વરે ઉપલબ્ધ બને તે માટે હેલ્પ ડેસ્ક તેમજ વિવિધ જનજાગૃતિની પ્રવૃતિઓ હોસ્પિટલમાં હાથ ધરવામાં આવી છે.

પેશન્ટ કેર ઈમ્પ્રુવમેન્ટ મિશન ગાંધીનગર થી શરૂ કરાયેલ પાયલટ પ્રોજેક્ટ બાદ રાજ્યની કુલ ૯૩ જેટલી આરોગ્ય સંસ્થાઓમાં આ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.

રાજ્યની ૬ સરકારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ, ૮ ય્ઈઈજી મેડિકલ કૉલેજ, ૨૧ જિલ્લા હોસ્પિટલ અને ૫૮ પેટા જિલ્લા હોસ્પિટલ મળીને કુલ ૯૩ જેટલી હોસ્પિટલ અને કૉલેજમાં આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવનાર હોવાનું મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

## મહાત્મા મંદિર ખાતે મોકડ્રીલ યોજાઈ



ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે આજરોજ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેટ ડીઝાસ્ટર કંટ્રોલમાંથી મેસેજ મળ્યો હતો કે મહાત્મા મંદિર વીઆઈપી કેન્ટીન ખાતે આગ લાગી છે. જેથી સબ ફાયર ઓફિસર રાજેશ પટેલ તેમની ટીમ સાથે દોડી ગયા હતા.

## ગીયોડમાં વહુએ સાસુને માથામાં લોખંડનો સળીયો માર્યો

### પતિ-પત્નીના ઝગડામાં માતા છોડાવવા વચ્ચે પડ્યા હતા

ગાંધીનગર,તા.૪

ગાંધીનગરના ગીયોડ ગામે પાડોશીની પાણીની ટાંકી ભરવા મુદ્દે દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારે ઝપાઝપી દરમિયાન વચ્ચે દિકરાને છોડાવવા વચ્ચે પડેલા માતાને વહુએ માથામાં લોખંડનો સળીયો ઝીંકી ઈંટનું રોળુ મારતા માથામાંથી લોહી વહી રહ્યું હતું.જેથી દિકરાએ માતાને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર ખસેડ્યા હતા.

બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના ગીયોડ ગામે ડેરીવાળો વાસ ખાતે રહેતા મહેશભાઈ નગીનદાસ શાહ (ઉં.૫૪) પત્ની કૈલાસબેન તેમજ માતા મંજુલાબેન સાથે રહે છે અને ગીયોડ ગામે સુમિત કિરાણા સ્ટોર્સ નામે કરીયાણાની દુકાન ચલાવે છે. આજે સવારે આઠ વાગ્યાના અરસામાં સાસુ-વહુ ચોકડીમાં કપડા ધોઈ રહ્યા હતા. તે સમયે ફરીયાદી બાજુમાં રહેતા મનુભાઈ પ્રજાપતિની ઘરની ટાંકી ડોલથી ભરી રહ્યા હતા.

જેથી તેઓની પત્નીએ કહ્યું કે આપણે શું કામ તેમની પાણીની ટાંકી ભરવી પડે. ત્યારે મહેશભાઈએ કહ્યું કે આ ટાંકીનું પાણી આપણે ખાલી કર્યું છે, તો આપણે જ ભરવુ પડશે. જેથી દંપતિ વચ્ચે બોલાચાલી ચાલી રહી હતી.

ત્યારબાદ ઝપાઝપી પર ઉતરી આવતા દંપતિને છોડાવવા માટે તેના માતા વચ્ચે પડતા વહુએ સાસુને માથામા સળીયો ઝીંકી લોહી નીકળતુ હતું. તેમ છતા વહુનો ગુસ્સો શાંત ન થતા બાજુમાં પડેલુ ઈંટનુ રોળુ મારતા સાસુને જમણી બાજુના ખભા પર વાગ્યું હતું. ત્યારબાદ વહુ ફરાર થઈ ગઈ હતી.જયારે ઈજાગ્રસ્ત માતાને ૧૦૮ દ્વારા સારવાર માટે દિકરો ગાંધીનગર સિવિલ લઈ આવ્યો હતો.જયાં માતાને ખબા પર ફ્રેકચર તેમજ માથાના ભાગે ઈજા થતા ટાંકા લેવા પડ્યા હતા. જેથી બનાવ અંગે ફરીયાદીએ ચિલોડા પોલીસ મથકે પત્ની સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## શહેરની મેડીકલ પ્રોટેક્ટ બનાવતી કંપનીના સેલ્સ મેનેજર રૂ.૬૬લાખ ચાઉં કરી ગયો

ગાંધીનગર, તા.૪

શહેરની સેકટર-૨૬ જીઆઈડીસીમાં આવેલી સહજાનંદ લેસર ટેકનોલોજી અલગ અલગ મેડીકલ પ્રોડકટનું સપ્લાય સમગ્ર ભારતમાં કરે છે. ત્યારે આ કંપનીના સાઉથ રીજીયન સેલ્સ મેનેજરે રૂ.૬૬ લાખથી વધુની મેડીકલ પ્રોડકટ ૧૨ હોસ્પિટલને બારોબાર વેચાણ આપી રૂપીયા હજમ કરી જતા છેતરપિંડી-વિશ્વાસઘાતની ફરીયાદ સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાઈ છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે રહેતા મુકેશભાઈ મફતલાલ પટેલ સે-૨૬ જીઆઈડીસી ખાતે સહજાનંદ લેસર ટેકનોલોજી લી.કંપનીમાં ફરજ બજાવે છે. આ કંપનીમાં વિવિધ લેઝર કટીંગ મશીન, ઈન્ડસ્ટ્રીયલ મશીન તેમજ મેડીકલ પ્રોડકટનું મેન્યુફેકચરીંગ કરી ભારતના વિવિધ રાજયોમાં વેપાર કરે છે. આ માટે કંપનીએ વિવિધ રાજયો માટે રીજીયન સેલ્સ મેનેજરની નિમણુંક કરી હતી. જેને પગલે ભારતના સાઉથ રીજીયનમાં કંપનીએ ભકતવચલમ સુરેશકુમારની (રહે.મીગ-૧૯૩-૧૯૪ નોલમબુર ફેજ-૧, ૮ મેઈન રોડ તિરૂવલ્લમ તમિલનાડુ)ની તા.૨૧-૫-૧૯ ના રોજ રૂ.૬૬ હજારથી વધુના પગાર સાથે નિમણુંક કરાઈ હતી. સાઉથ રીજીયનની કામગીરીના ભાગરુપે તેને તામિલનાડુ રાજયમાં કંપનીના સ્ટેન્ટ બલુન તેમજ વિવિધ મેડીકલ પ્રોડકટનું માર્કેટીંગ કરવું, ઓર્ડર મેળવવા, સ્ટોક મેઈન્ટેન કરવો, વેચાણ થયેલ પ્રોડકટના નાણા સમયસર કંપનીને મોકલી આપવાની જવાબદારી પણ હતી. કંપનીએ તૈયાર કરેલી પ્રોડકટો તેના ઘરે તમિલનાડુ મોકલી આપવામાં આવતી હતી. કંપની દ્વારા બીલ બનાવી રીઝીયન સેલ્સ મેનેજર ભકતવચલમને મોકલી આપવામાં આવતા હતા.તે બિલ હોસ્પિટલમાં મોકલી કંપની વતી ચેક લઈ બેંક એકાઉન્ટમાં જમા કરાવતો હતો. પરંતુ ઓકટોબર ૨૦૨૧ પછી ભકતવચલમ સુરેશકુમારે કંપનીના ખાતામાંથી ચેક જમા કરાવવાનું બંધ કરી દીધુ હતું. તેની ઉઘરાણી તે કોરોનાના કારણે હોસ્પિટલો પૈસા આપતી હતી. જે પછી પણ કંપનીએ જીવન જરુરીયાતની મેડીકલ પ્રોડકટથી વ્યકિતનું જીવન બચી જાય છે તેમ માનીને તેને માલ મોકલવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ તેણે રૂ.૬૬.૩૯ લાખ આપવાની જગ્યાએ ગત તા.૨૬-૭-૨૨ ના રોજ કંપનીને ઈમેલ કરી રાજીનામુ મોકલી આપ્યુંહતુ. ત્યારબાદ કંપનીએ જે જે હોસ્પિટલોના પેમેન્ટ બાકી હતા તેને લીગલ નોટીસ મોકલી આપી હતી. ત્યારે જાણ થઈ કે ભકતવચલમ સુરેશકુમાર કંપનીના બીલો આપવાની જગ્યાએ તેની આસાન મેડટેક ડીવાઈસી નામની કંપનીના બીલો મોકલી બારોબાર પૈસા સગેવગે કરી દીધા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શિવાલય કોમ્પ્લેક્ષમાં બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૪

શહેરના કુડાસણ વિસ્તારમાં આવેલા શિવાલય કોમ્પ્લેક્ષની ઓફિસ નં-૨૦ માં જુગારની બાજી માડીને બેઠેલા ચાર જુગારીઓને રૂ.૧૧ હજારથી વધુની મત્તા સાથે એલસીબી-૧ પોલીસે પકડી પાડી ચારેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ એલસીબી-૧ પોલીસ મથકના જવાનો ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે કોન્સ્ટેબલ અનોપસિંહ અને હે.કો. અનુપસિંહને બાતમી મળી હતી કે કુડાસણ સ્થિત શિવાલય કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળે આવેલી સ્વસ્તીકા ઈન્વેસ્ટમેન્ટ ઓફિસ નં૨૦ માં કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા છે. જેથી એલસીબી પોલીસે સ્થળ પર જઈ ઓફિસનો દરવાજો ખખડાવતા એક શખ્સ બહાર આવ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા ચિરાગ જયદેવભાઈ બારોટ (સેકટર-૩ પ્લોટ નં.૧૮૯-૨) હોવાનું જણાવ્યું હતું. પોલીસને જોઈ જુગારીઓ ગંજીપાના દાવ પર ફેંકી ઉભા થઈ ગયા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા તેઓએ ચિરાગ જયદેવભાઈ બારોટ, પોર ગામના મોટા નાગજીવાસ ખાતે રહેતા નિલેશ પ્રતાપજી ઠાકોર, ધોળાકુવા ઠાકોરવાસ ખાતે રહેતા વિશાલકુમાર મુકેશભાઈ નાથબાવા, કુડાસણ બી-૨ સુધકેન્ડી ખાતે રહેતા આશિષ ઈન્દ્રવદન પારેખ હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી રૂ.૧૧,૪૯૦ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



કુમકુમ કેટરર્સ એન્ડ મંડપ ડેકોરેશન તરફથી ગુરુપૂર્ણિમાના દિવસે સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મ ભવન સેકટર ૧૬ ખાતે રમેશભાઈ જોષી, મેધરાજભાઈ જોષી, જીતુભાઈ જોષી તરફથી ગાંધીનગરમાં વસતા ૧૧૦૦ ભુદેવ માટે સત્યનારાયણ કથા આયોજન તેમજ જમણવાર નું આયોજન કરવામાં આવ્યું હતું . તેમાં સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ નરેશભાઈ દવે, મહામંત્રી મુકેશભાઈ શુકલ, પુર્વ પ્રમુખ પંકજ ભાઈ શુકલ, ઉપ પ્રમુખ રાજેશભાઈ દવે, બિપીનભાઈ જાની, મહેશભાઈ જાની, અતુલભાઈ મહેતા, ધનંજયભાઈ ,સતીષભાઈ દવે, રૂષિકેશભાઈ યાજ્ઞિક તેમજ તમામ શાખાના કારોબારી સભ્યો હાજર રહી સત્યનારાયણ કથા સાભળી અને પ્રસાદ તેમજ મોટી સંખ્યામાં લગભગ ૧૧૦૦ સભ્યો જમણવારનો લાભ લીધો હતો. આ આયોજન રમેશભાઈ જોષી, મેધરાજભાઈ, જીતુભાઈએ સફળતાપૂર્વક કર્યુ હતું.

## ઝુંડાલ બ્રીજ નીચે પાર્ક કરેલા એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના ઝુંડાલ બ્રીજ નીચે પાર્ક કરેલા એકટીવાની ચોરી થઈ જતા અડાલજ પોલીસ મથકે રૂ.૧૮ હજારના એકટીવાની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ અમદાવાદ નાના ચિલોડા શીવ બંગ્લોઝ ખાતે રહેતા રાકેશ બચુભાઈ સોલંકી પરિવાર સાથે રહે છે. તેઓ પંજાબ નેશનલ બેંકમાં સીંગલ વિન્ડો ઓપરેટર તરીકે છ વર્ષથી નોકરી કરે છે.

તેઓની માલીકીનું હોન્ડા એકટીવા નં. જી. જે. ૨૭. એ. ૦૯૦૦ હતું. જે એકટીવાનો ઉપયોગ તેઓ કરતા હતા.

ગત તા.૨૭ જુનના રોજ સવારે એકટીવા લઈને ઝુંડાલ બ્રીજ નીચે આવી પાર્ક કરી નોકરી પર ગયા હતા.

જયારે સાંજના સાત વાગ્યાના અરસામાં આવીને જોયુ તો પાર્ક કરેલા એકટીવાની ઉઠાંતરી થઈ ગઈ હતી.

બનાવ અંગે અડાલજ પોલીસ મથકે રૂ.૧૮ હજારના એકટીવાની ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સેકટર ઉન્યૂ ખાતે ગોપીભજનમંડળ ને સંગીત ના સાધનો ઢોલક ,મંજીરા ,ખંજરી જેવા સાધનોની કીટ વૉર્ડ ૯ ના ડૉ. સંકેતભાઈ પંચાસરા એ આપી હતી.

જેમનો ભજન મંડળ ની બહેનો એ ધન્યવાદ સાથે આભર માન્યો હતો .



## અમુલને બદનામ કરવાનો પ્રયાસ કરનાર ગાંધીનગરના શખ્સ સામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૪

અમુલ દુધ પીતા હે ઈન્ડીયાના બદલે અમુલ દુધ પીતા હે યુરીયાના શબ્દો સાથે એક વીડીયો બનાવી સોશ્યલ મિડીયામાં વાયરલ કરનાર ગાંધીનરના સેકટર-૭ સી માં રહેતા વ્યકિત સામે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. આ વ્યકિતએ અમુલ દુધમાં યુરીયાના સેમ્પલ મળ્યા હોવાનું તેમજ સરકારી લેબોરેટરીમાં જાહેર થયાની પાયાવિહોણી માહિતી વીડીયોમાં આપી હતી. ગાંધીનગરના ભાટ ખાતે આવેલ અમુલ ફેડ ડેરીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા અંકિતકુમાર સત્યેન્દ્રભાઈ પરીખે નોંધાવેલી ફરીયાદ મુજબ ગત તા.૩૦ જુનના રોજ અમુલ ડેરીના રીટેલર દેવભુમિ પાર્લરના નારોલના હર્ષદભાઈ જોશીએ એક વીડીયો તેમને મોકલી આપ્યો હતો. જેમાં એક વ્યકિત દ્વારા એક વિડીયો બનાવવામાં આવ્યો હતો. જેમાં અમુલ દુધમાં યુરીયાના સેમ્પલ મળ્યા હોવાનું અને સરકારી લેબોરેટરીમાં જાહેર થયુ હોવાની ખોટી વિગતો આપી હતી. અમુલ દુધ નાગરીકો માટે સેફ છે કે નહી તેને લઈ પણ સવાલ ઉઠાવ્યો હતો. વધુમાં વિડીયોમાં અમુલ દુધ પીવાવાળાઓએ સાવધાન રહેવુ તેમ કહે છે. જેની તપાસ કરતા અમુલ બ્રાંડની પ્રતિષ્ઠાને બદનામ કરવાના હેતુ થી લક્ષ્મીકાંત પરમાર (રહે પ્લોટ નં.૯૯૫-૨ સેકટર-૭ સી) એ ફેસબુક ઉપર વીડીયો મુક્યો હોવાની વિગતો સામે આવી હતી. જેને પગલે ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચાના અંતે અંકિતકુમારે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

## પોર ગામથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૪

ગાંધીનગરના પોર ગામના ભોયણીયો વાસ ખાતે ખુલ્લાચોકમાં બાજી માંડીને બેઠેલા ગામના મુખીવાસ ખાતે રહેતા આશિષ લાલભાઈ પટેલ, ભોયણીયોવાસ ખાતે રહેતા ગીલાજી કાળાજી ઠાકોર, મોટોવાસ ખાતે રહેતા રાજુજી રમણજી ઠાકોર ને અડાલજ પોલીસ મથકના જવાનો એ પકડી પાડ્યા હતા. અડાલજ પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૭૬૦ નો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.




સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા દ્વારા ગુરુપૂર્ણિમાના પાવન અવસરે સેક્ટર ૨૧ ના પ્રાચીન મહાદેવ મંદિરમાં, મહામંત્રી મનોજભાઈ જોષીના સૌજન્યથી સાંજે આરતી બાદ ગરીબો અને ભક્તજનોને બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યના અનુસંધાનમાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા, ગાંધીનગરના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, યુવા પ્રમુખ જીગ્નેશભાઈ રાવલ, યુવા મહા મંત્રી સ્મિતભાઈ વ્યાસ, મહિલા પ્રમુખ સર્મિષ્ઠાબેન મહેતા સહિત મોટી સંખ્યામાં બ્રહ્મબંધુઓ અને બ્રહ્મ ભગિનીઓએ સમયસર હાજર રહી મનોજભાઈનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા કેતનભાઈ ત્રિવેદી અને હાર્દભાઈ શુક્લએ સૂપેરે નિભાવી હતી. કાર્યક્રમના અંતમાં પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદીએ મનોજભાઈ નો આભાર માન્યો હતો.

## લવારપુર હાઇસ્કૂલ ખાતે કાનુની શિબિર



ચિલોડા,તા.૦૪

સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ સ્કુલ લવારપુરમાં માનનીય જિલ્લા અદાલત ગાંધીનગરના નિર્ભયા બ્રિગેડના છાત્રો તેમજ શાળાની વિદ્યાર્થીનીઓ સાથે પોકસો કાયદાની જાણકારી અને કાયદાના ઉપયોગ વિશેની વિસ્તૃત માહિતી પીએલવી ગોવિંદભાઈ નસીત દ્વારા શાળાના સ્ટાફ મિત્રો અને આચાર્ય સુરેશભાઈ ચૌધરી સાથે બાળકોને સમજાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો. તેમજ શાળાના બાળકો અને સ્ટાફ સાથે પ્રશ્નોત્તરી કરી સાચોટ માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

## ચિલોડા ખાતે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી રૂપે ગુરુ શિબિર યોજાઈ




ચિલોડા,તા.૦૪

આજરોજ ચિલોડા ગામ ખાતે વિશ્વ વસ્તી દિવસ ના ઉજવણીના ભાગરૂપે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ચિલોડા ૧ અને ૨ દ્વારા ગુરુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું

જેમાં આરોગ્યના સ્ટાફ દ્વારા કુટુંબ નિયોજન ની વિવિધ પદ્ધતિઓ વિશે સમજાવવામાં આવ્યું તથા વસ્તી નિયંત્રણ વિશેના ફાયદા અને ઉપયોગીતા સમજાવવામાં આવી.